# સાતમા પગારપંચનો અમલ ન થતાં પાલનપુર પોલીટેકનીક કોલેજના અધ્યાપકોએ વિરોધ જતાવ્યો

## એક સપ્તાહ સુધી કાળા કપડાં પહેરીને શૈક્ષણિક કાર્ય કરાવશે

રાજ્ય સરકાર દ્વારા છેલ્લા એક વર્ષથી સાતમા પગારપંચનો અમલ કરવામાં ન આવતાં AICTE, નવી દિલ્હી દ્વારા ૧ માર્ચ ૨૦૧૯ના રોજ થી ટેકનીકલ શિક્ષણની સંસ્થાઓના વારંવાર રજૂઆતો કરવા છતાં પ્રશ્નનો કોઈ સંતોષકારક ઉકેલ આવ્યો નથી. જેથી પોલિટેકનીક




પોલીટેકનીક કોલેજના અધ્યાપકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે અધ્યાપકોએ કાળા કપડાં પહેરીને વિરોધ જતાવ્યો હતો. તેમજ એક સપ્તાહ સુધી કાળા કપડાં પહેરીને શૈક્ષણિક કાર્ય કરાવશે તેવી ચીમકી ઉચ્ચારી હતી. અધ્યાપકો માટે સાતમા પગારપંચની ભલામણો પ્રસિધ્ધ કરવામાં આવી હતી. જેને એક વર્ષ થવા આવ્યું છતાં ગુજરાત સરકાર દ્વારા અમલ કરવામાં આવ્યો નથી.

આ અંગે લાંબા સમય સુધી અધ્યાપક મંડળ દ્વારા અપાયેલા કાર્યક્રમ અંતર્ગત પાલનપુર પોલીટેકનીક કોલેજના અધ્યાપકોએ સોમવારે કાળા કપડાં પહેરી સરકાર સામે વિરોધ દર્શાવ્યો હતો. આ વિરોધ એક સપ્તાહ સુધી ચાલુ રહેશે.

# અરવલ્લી જિલ્લાની શાળાઓના કર્મચારીઓનો પાંચમો વહીવટી ગુણવત્તા સેમિનાર મેઘરજ ખાતે યોજાયો

## જિલ્લાની ૨૦૦થી વધુ માધ્યમિક અને ઉ.મા શાળાઓના વહીવટી કર્મચારીઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન મેળવ્યું

અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને અરવલ્લી જિલ્લા માધ્યમિક અને ઉ.માં. શાળા વહીવટી કર્મચારી સંઘના સંયુકત ઉપક્રમે વહીવટી



ગુણવત્તા સેમિનાર મેઘરજની પી.સી.એન. હાઈસ્કૂલ ખાતે પદાધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો. સેમિનારમાં જિલ્લાની ૨૦૦થી વધુ શાળાઓના વહીવટી કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ અંગેની વિગત આપતા જિલ્લા વહીવટી સંઘના અધ્યક્ષ મહેન્દ્રભાઈ પટેલ અને પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ, મંત્રી કિશોરભાઈ પંચાલ સાહિતે જણાવ્યું હતું કે જિલ્લા વહીવટી ગુણવત્તા સેમિનાર મેઘરજની પી.સી.એન. હાઈસ્કૂલ ખાતે કેળવણી મંડળના પ્રમુખ કનૈયાલાલ કાવઠીયા,બોર્ડ સભ્ય મુકેશભાઈ રાવલ, પરસોત્તમ સોનારા, જિલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલ, કેળવણી મંડળના હસમુખભાઈ શાહ, દિલીપભાઈ ત્રિવેદી સહિત અશોકભાઈ પટેલ, પ્રશાંતભાઈ અધ્વર્યુ, પ્રવીણભાઈ પટેલ, આચાર્ય સંઘના મહામંત્રી પ્રભુદાસભાઈ પટેલ, સંજયભાઈ જોશીની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાયો હતો. સેમિનારમાં ૨૦૦ થી વધુ જિલ્લાની માધ્યમિક અને ઉ.માં શાળાઓના વહીવટી કર્મચારીઓ ઉપસ્થિત રહી વહીવટી માર્ગદર્શન મેળવ્યું હતું. સેમિનારમાં નિષ્ણાત અધિકારીઓ દ્વારા વહીવટી સૂઝ આપવામાં આવી હતી. અને શાળાઓમાં પડતી મુશ્કેલીઓનું નિવારણ વહીવટી કર્મચારી જ કરી શકે છે. શાળાઓની કામગીરી ઓનલાઈન થઈ જાય તે માટેના પ્રયત્નો હાથ ધરી ઝડપી માહિતી મેળવાશે અને ચેક લિસ્ટ મુજબ જ જો ફાઈલ તૈયાર કરી મોકલવામાં આવેતો કોઈ દરખાસ્ત પરત આવે જ નહીં., અને કોઈપણ કર્મચારીની વહીવટી કામગીરી તાત્કાલિક કરવી જોઈએ એમડીઈઓ ગાયત્રીબેન પટેલે જણાવ્યું હતું. જિલ્લાની શાળાઓમાંથી વય નિવૃત થયેલા વહીવટી કર્મચારીઓનું સન્માન કરાયું હતું. સેમિનારને સફળ બનાવવા માટે રમણલાલ પ્રજાપતિ, યગ્નેશભાઈ, મણિલાલ પટેલ, નારણભાઈ પટેલ સહિત મહાનુભાવોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ડીસા દુષ્કર્મ પ્રકરણમાં સંડોવાયેલ બન્ને હોમગાર્ડઝ જવાન બરતરફ

## હોમગાર્ડ દળને લાંછન લગાડે તેવું કૃત્ય કરતાં સેવા સમાપ્ત કરાઇ

ડીસામાં મહિલા સાથે દુષ્કર્મ કેસમાં સંડોવાયેલ ડીસા યુનિટના હોમગાર્ડ જવાન દ્વારા "હોમગાર્ડ દળને લાંછન લગાડે તેવું કૃત્ય" કરવામા આવ્યું હતું. જેથી બનાસકાંઠા જીલ્લા હોમગાર્ડ દ્વારા બન્ને જવાનોને શનિવારે બરતરફ કરવામાં આવ્યાં છે.

ડીસા શહેરના નવા બસ સ્ટેશનમાં શુક્રવારે વહેલી પરોઢે અમદાવાદની મહિલા પર દુષ્કર્મ આચરવાના કેસમાં બે હોમગાર્ડ તેમજ ચાની હોટલ ચલાવતા યુવકની ગણતરીના કલાકમાં જ ડીસા શહેર ઉત્તર પોલીસે ઝડપી પાડી જેલ હવાલે કર્યા હતા. આથી મહિલા પર દુષ્કર્મ ગુજારવાના કેસમાં સંડોવાયેલ બન્ને હોમગાર્ડ જવાનની અટકાયત કરી હોવા અંગે ડીસા શહેર ઉત્તર પોલીસ દ્વારા બનાસકાંઠા જીલ્લા હોમગાર્ડઝના જીલ્લા કમાન્ડન્ટ ને લેખિત જાણ કરાઈ હતી. જેથી બન્ને હોમગાર્ડઝ જવાનોએ "હોમગાર્ડ દળને લાંછન લગાડે તેવું કૃત્ય" કરેલ હોઈ જીલ્લા કમાન્ડન્ટ આર.એમ.પંડયાએ તાત્કાલીક અસરથી બન્ને હોમગાર્ડ ને શનિવારે બરતરફ કરવામાં આવ્યાં છે.

# ડીસાના વિઠોદર નજીક ડમ્પર અને બાઈક વચ્ચે અકસ્માતમાં યુવક ગંભીર

ડીસા-પાંથાવાડા હાઈવે પરના વિઠોદર ચાર રસ્તા નજીક



શનિવારે બપોરના સુમારે ડમ્પરની ટક્કરે બાઈક ચાલક યુવક ગંભીર રીતે ઘવાતા ૧૦૮ દ્વારા ડીસા સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પાલનપુર તાલુકાના સામઢી ગામનો હારજીજી પોપટજી ઠાકોર શનિવારે બપોરના સુમારે ડીસા-પાથાવાડા હાઈવે પરના વિઠોદર ચાર રસ્તા પાસેથી મોટર સાયકલ પર પસાર થઈ રહ્યાં હતાં. જે દરમ્યાન બનાસ નદીમાંથી રેતી ભરીને જઈ રહેલ ડમ્પર ના ચાલકે બાઈકને પાછળથી ટકકર મારતાં બાઈક ચાલક હારજીજી ઠાકોર ગંભીર રીતે ઘવાયો હતો. અકસ્માત ની જાણ થતાં જ સ્થાનિક લોકોએ ૧૦૮ ને જાણ કરતાં તાત્કાલીક યુવકને ડીસા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો.

# ભારતમાં હિંદુઓ સલામત નથી છતા સરકાર મૌન : પ્રવિણ તોગડીયા

## દિલ્હીમાં થયેલા તોફાનો ગોધરાકાંડની યાદ તાજી કરાઈ હોવાનો આક્ષેપ : ખંભાતની ઘટના સરકાર માટે આંખ ઉઘાડનારી બનવી જોઈએ

હિંમતનગર, તા. ૨૯

દિલ્હીના શાહિનબાગમાં કેટલાક કટ્ટરવાદીઓએ સરકાર કે સુપ્રિમ કોર્ટની પરવા કર્યા વિના પોતાની મનમાની ચલાવી રહ્યા છે ત્યારે તેના કારણે અત્યાર સુધીમાં ૨૦થી વધુ લોકોના મોત નિપજ્યા છે. સુપ્રિમકોર્ટે આ મુદ્દે સમજાવટ કરવા માટે કેટલાક મધ્યસ્થીઓને મોકલ્યા હતા પરંતુ તેમાં ફળદાયી પરિણામ મળ્યું નથી તેજ પ્રમાણે ગુજરાતના ખંભાતમાં તાજેતરમાં ભડકેલી હિંસા બતાવે છે કે ગુજરાત સહિત સમગ્ર દેશમાં આજે હિંદુઓ સુરક્ષિત નથી તેમ શનિવારે હિંમતનગર-ઈડર રોડ પર આવેલ આજ્જનેય મહાવીર મંદિરના શિલાન્યાસ સમારોહમાં સભાને સંબોધતા હિંદુ નેતા પ્રવિણ તોગડીયાએ ઉચ્ચાર્યા હતા.

હિંમતનગર-ઈડર રોડ પર આજ્જનેય મહાવીર મંદિરનો શનિવારે શિલાન્યાસ સમારોહ યોજાયો હતો જેમાં ડૉ. સ્વામી ગૌરાંગશરણ દેવાચાર્ય તથા અન્ય સંતો મહંતોની ઉપસ્થિતિમાં જાહેર સભાનું આયોજન કરાયું હતું જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર સામે તીખા તેવર સાથે અખિલ ભારતીય વિશ્વ હિંદુ પરીષદના સંયોજક પ્રવિણ તોગડીયાએ કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકારને આડેહાથે લેતા આક્ષેપ કરી જણાવ્યુ હતુ કે દિલ્હીના સાહીનબાગમાં કટ્ટરવાદીઓ દ્વારા કરાઈ રહેલા તોફાનોને સાંખી લેવા જોઈએ નહી. આ ઘટનાને લીધે જાણે કે ગોધરાકાંડની ઘટના તાજી થઈ હોય તેમ લાગે છે.

વધુમાં તેમના જણાવ્યા મુજબ ભુતકાળમાં ગોધરાકાંડ બાદ ગુજરાતની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા માટે કેટલાક ગુજરાત વિરોધી તત્વોએ કોઈ કચાશ છોડી નથી. જેના લીધે તેની યાદ તાજી થાય છે એટલુ જ નહી પણ ગોધરાકાંડની વાત નીકળે ત્યારે દેશ વિદેશમાં ગુજરાતને નીચુ પાડવામાં આવે છે. દરમ્યાન દિલ્હીમાં સાહિનબાગની ઘટના ખુબજ ધૃણાસ્પદ હોવા છતાં દિલ્હીમાં અંદાજે ૮૪૦૦૦નો પોલીસ ફોર્સ હોવા છતાં તેઓ પણ સુરક્ષિત નથી. તેવો આક્ષેપ કરતા તોગડીયાએ જણાવ્યું હતું કે તોફાનીઓની નશ્યત કરવા માટે સરકારે ગોળી ચલાવવાનો આદેશ આપ્યો નથી.

જો સરકારે તોફાનો શાંત કરવા માટે પોલીસને તે સમયે દેખો ત્યાં ઠારના હુકમ આપ્યા હોત તો દિલ્હીના આઈબી ઈન્સ્પેકટર અંકિત શર્માને મોતને શરણ ન થવુ પડ્યુ હોત. એટલુ જ નહી તાજેતરમાં ગુજરાતના ખંભાત ખાતે જે કોમી હિંસાએ વળવુ સ્વરૂપ ધારણ કર્યુ હતુ તેમ છતાં આ તોફાનોને કચડી નાંખવા માટે કેમ પાછીપાની થઈ રહી છે તે સમજાતુ નથી. છેલ્લા કેટલાક વર્ષોથી ગુજરાત સહિત ભારત દેશમાં રહેતા હિંદુઓ સલામત નથી તેવી લાગણી પ્રવર્તી રહી છે. ત્યારે સરકારે આ દિશામાં ચિંતીત થઈને હિંદુઓની સુરક્ષા માટે જાગવુ જોઈએ. આ શિલાન્યાસ સમારોહમાં ઉપસ્થિત સંતો મહંતોનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું એમ સુનીલદાસજી મહારાજે જણાવ્યું હતું.

# આજથી હોળાષ્ટક બેઠા શુભ કાર્યો થઈ શકશે નહી

## ધુળેટી બાદ ફરીથી લગ્નોની મોસમ જામશે

હિંમતનગર, તા. ૨૯

હિન્દુશાસ્ત્રોના પંચાગ પ્રમાણે હોળી-ધુળેટીના તહેવારો અગાઉ સાત દિવસ સુધી હોળાષ્ટક ચાલુ થાય છે જેથી હિંદુ પરીવારો આ સમયગાળા દરમ્યાન કોઈ શુભકાર્યો કરતા નથી. દરમ્યાન રવિવાર તા. ૧ માર્ચ ૨૦૨૦ થી શરૂ થતા આ હોળાષ્ટક તા. ૧૦ માર્ચ સુધી ચાલશે જેને લઈને કોઈ શુભકાર્યના મુર્હત હોતા નથી જેને લઈને સાબરકાંઠા જિલ્લામાં આ સમયગાળા દરમ્યાન ખાસ કોઈ શુભપ્રસંગો યોજાશે નહી.

હોળી-ધુળેટીનું મહત્વ અલગ અલગ જ્ઞાતિઓમાં જુદુ હોય છે ખાસ કરીને વણઝારા, ક્ષત્રિય, બ્રાહ્મણ અને રાજસ્થાની પરીવારો આ તહેવારને ખુબ જ ઉત્સાહથી ઉજવે છે જેને લઈને રાજસ્થાનમાંથી ગુજરાતમાં નોકરી અથવા ધંધાર્થે આવતા લોકો દિવાળીની જેમ હોળી ધુળેટી ઉજવવા માટે રાજસ્થાન જતા રહે છે. તો બીજી તરફ પંચમહાલ અને ગુજરાતની સરહદે આવેલા રાજસ્થાનના ગામડાઓમાં રહેતા તથા ખેતમજુરી કરીને જીવનિર્વાહ કરતા ખેતમજૂરો પણ હોળી-ધુળેટીના તહેવારો પૂર્ણ થયા પછી વતન છોડીને મજુરી કામે જાય છે. રવિવારથી શરૂ થયેલા હોળાષ્ટકને લીધે શુભકાર્યો ઉપરાંત અન્ય કોઈ સામાજીક પ્રસંગો પણ ઉજવાતા નથી. જ્યાં સુધી હોળીના દિવસે રાત્રે હોલિકા દહન ન થાય ત્યાં સુધી શાસ્ત્રોમાં પણ તેનો ઉલ્લેખ કરાયો છે જોકે હોળી ધુળેટી અગાઉ કેટલીક જ્ઞાતિઓમાં જેમાં (ઢુંઢ)નો પ્રસંગ ઉજવવાની પરંપરા ચાલે છે જેનો કોઈ બાદ આવતો નથી.



**જીતપુરની સી.એમ. સુથાર હાઈસ્કૂલમાં અટલ ટિન્કરિંગ લેબ. અને ઓડિટોરિયમ હોલનું ઉદ્‌ઘાટન**

અરવલ્લી જિલ્લામાં આજરોજ મોડાસાના જીતપુરની સી.એમ. સુથાર હાઈસ્કૂલમાં અટલ ટિન્કરિંગ લેબ. અને ઓડિટોરિયમ હોલનું ઉદઘાટન સહિતના ચાર કાર્યક્રમોનો સંયુક્ત સમારોહ સાંસદ દિપસિંહ રાઠોડના પ્રમુખપદે સંપન્ન થયો હતો. જેમાં સાંસદ દિપસિંહ રાઠોડ અને જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરના હસ્તે અનુક્રમે ઓડિટોરિયમ હોલ અને અટલ ટિકરિંગ લેબ.નું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

# વાત્રક બ્રિજમાં અકસ્માતમાં મોત નિપજનાર મૃતકોના પરિવારજનોને મોરારી બાપુની સહાય

મેઘરજ, તા. ૨૯

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના બેલ્યો ગામના દરમ્યાન એક યુવતીનું મૃત્યુ થયુ હતુ. દરેક મૃતકોના પરિજનોને પરમ પૂજ્ય મોરારીબાપુની



વિરાભાઈ મોંઘાભાઈ ચમાર અને તેમના ત્રણભાઈના પરીવાર સાથે બેલ્યો ગામથી માલપુર તાલુકાના મહિયાપુર ગામે તેમના બહેન લાડુબહેન જેઠાભાઈ પરમારના પુત્રના લગ્ન હોવાથી મામેરૂ કરવા નીકળ્યા હતા. જ્યારે રસ્તામાં વાત્રક નદીના પુલ ઉપર ટ્રક (ડમ્પર) દ્વારા તેમના ટ્રેક્ટરને ટક્કર લાગતા ટ્રેક્ટર પુલની દિવાલ સાથે અથડાતા દીવાલ તૂટી ગઈ હતી. ટ્રેક્ટરમાં બેઠેલ લોકોમાંથી પાંચ વ્યક્તિઓ ફંગોડાઈને નદીમાં પડી ગયા અને મૃત્યુ પામ્યા અન્યને ઈજા થઈ હતી તેમાં સારવાર પ્રેરણાથી કથાની પ્રસાદરૂપે શ્રી ચિત્રકુટધામ ટ્રસ્ટ મહુવાથી એક મૃતક વ્યક્તિ દિઠ પાંચ હજાર મળી કુલ રૂ.૩૦ હજારની સહાય આપવામાં આવી હતી. આ સહાય અમદાવાદના લાયન મુકેશભાઈ પટેલ (પી.ડી.જી.) દ્વારા લાયન્સ કલબ ઓફ મોડાસાના લાયન પ્રવિણ પરમાર, લાયન પરેશ શાહ, લાયન મનુભાઈ પટેલ દ્વારા આ સહાય લઈ બેલ્યો ગામે મૃતક પરિજનોના ઘેર જઈ સાંત્વન આપી પરમ પૂજ્ય મોરારીબાપુનો શોક સંદેશો અને સહાય રૂબરૂ પહોંચાડી ઉમદા કાર્ય કર્યું હતું.

# એન્જિનિયર - પોલિટેક્નિક કોલેજમાં બેઠકો ઘટાડવાના મુદ્દે એબીવીપી દ્વારા કોલેજ બંધ કરાવાઈ

## જી.ઇ.સી. અને ડિપ્લોમા કોલેજ બંધ કરાવતાં ઉત્તેજના

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ બનાસકાંઠા જિલ્લા દ્વારા એન્જિનિયર તેમજ પોલીટેકનિક કરાયો છે. જેનો અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ બનાસકાંઠા દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. જે ઈજનેર અને પોલિટેકનિકમાં સમગ્ર રાજ્યમાં બેઠકનો ધરખમ ઘટાડો કરાયો છે. જે સરકારની




કોલેજમાં બેઠકનો થયેલ ઘટાડાના વિરોધમાં મંગળવારે પાલનપુરમાં જી. ઈ. સી. અને ડિપ્લોમા કોલેજ બંધ કરાવતાં ઉત્તેજના પ્રસરી જવા પામી હતી.

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માં સરકારી ઈજનેર અને પોલિટેકનિકમાં સમગ્ર રાજ્યમાં બેઠકનો ધરખમ ઘટાડો સંદર્ભે મંગળવારે પાલનપુરમાં જી. ઈ. સી. અને ડિપ્લોમા કોલેજ બંધ કરાવતાં ઉત્તેજના પ્રસરી જવા પામી હતી.

આ અંગે એબીવીપીના કાર્યકરોએ જણાવ્યું હતું કે, તારીખ ૦૭/૦૨/૨૦૨૦ ના રોજ ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૦- ૨૧ માં સરકારી ટૂંકી દ્રષ્ટિનો નિર્ણય છે.

આ નિર્ણયને કારણે વિદ્યાર્થીઓને ના છૂટકે સ્વનિર્ભર સંસ્થાઓ તરફ જવું પડે તેમ છે. તેમજ આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓએ ફરજીયાત પોતાના જીલ્લામાંથી દૂર અભ્યાસ અર્થે જવું પડતું હોઈ અને ઈઝ જેવી બ્રાન્ચમાં ડીગ્રી એન્જિનિયરિંગના ૧૫૦ જેટલા માટે કોઈ કામ રહેશે નહીં.

# ધનસુરાની જે. એસ. મહેતા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ

ધનસુરા, તા. ૨૯

ધનસુરાની શ્રી જે.એસ. મહેતા હાઈસ્કૂલના ધોરણ ૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનો શુભેચ્છા વિદાય સમારંભ તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ ૯ કલાકે કેળવણી મંડળના પ્રમુખ કાંતિભાઈ એસ. પટેલના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે આપણા જિલ્લાના રાજકીય અને સહકારી યુવા આગેવાન નરેન્દ્રભાઈ એન. પટેલ તથા મોડાસા સરસ્વતી શિશુ વિહારના પ્રમુખ નિલેશભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા. ધનસુરા રામજી મંદિરના મહંત મહામંડલેશ્વર પૂજ્ય પૂરણશરણદાસજી મહારાજની સાથે કેળવણી મંડળના ટ્રસ્ટીઓ અને અન્ય હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ વાય.ડી. પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સમુહ પ્રાર્થના સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. શાળાના આચાર્ય પી.આર. દેસાઈએ સૌને શબ્દોથી આવકાર્યા હતા. શાળાની ધોરણ ૧૨ કોમર્સની વિદ્યાર્થીની વિધિ પ્રકાશભાઈ દરજીએ પોતાનો શાળા અનુભવની લાગણીસભર શૈલીમાં રજૂઆત કરી હતી. નરેન્દ્રભાઈ પટેલે ખૂબ જ પ્રેરક, માર્મિક વાતો દ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. મંદિરના મહંત પૂજ્ય પુરણશરણદાસજી મહારાજે મંગલ આશિષ પાઠવી હતી. કેળવણી મંડળના પ્રમુખ કાંતિભાઈ પટેલે સંસ્થાના વડાને છાજે તેવી વાતો મૂકી વિદાયમાં વિદ્યાર્થીઓને શુભેચ્છા અને



શાળાના શિક્ષક વિજયભાઈ પટેલ અને ઘનશ્યામભાઈ પટેલે સૌ ગુરુગણ વતી શુભેચ્છા આશિષ પાઠવી હતી. કેળવણી મંડળના ઉપપ્રમુખ ગોપાલભાઈ ઠેકડી અને ટ્રસ્ટી મોતીભાઈ પટેલની સાથે નિલેશભાઈ જોશી અને શાળાના શિક્ષકગણને ધન્યવાદ પાઠવ્યા હતા. છેલ્લે કાર્યક્રમની આભારવિધિ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના સુપરવાઈઝર અશોકભાઈ પટેલે કર્યું હતું. રાષ્ટ્રગાન બાદ સૌ છુટા પડ્યા હતા.

# હિંમતનગરમાં સેલ્સમેને પાંચ લાખથી વધુના મોબાઈલ સગેવગે કરી દેતા ફરીયાદ

## દુકાનદારોના નામે અલગ બીલો બનાવી ૭૩ મોબાઈલ વેચી દેતા બે શખ્સો સામે છેતરપીંડી કર્યાનો આક્ષેપ

હિંમતનગર, તા. ૨૯

હિંમતનગરના ન્યાયમંદિર વિસ્તારમાં રહેતા એક મોબાઈલના ડિલર સાથે જાદરના તથા પાણપુરના મળી બે સેલ્સમેનોએ અંદાજે રૂ. ૫ લાખથી વધુની કિંમતના ૭૩ મોબાઈલ દુકાનદારોને આપવાને બહાને છ મહિના અગાઉ દુકાનદારોના નામે ખોટા બિલો બનાવી ડિલરને મોબાઈલના નાણા ન ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કર્યાની ફરીયાદ શુક્રવારે હિંમતનગર બી ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે ન્યાયમંદિર વિસ્તારમાં આવેલ જે.સી. ટેલીકોમ્યુનીકેશનમાં ઈડર તાલુકાના જાદર ગામના ત્રિશુલ નરેન્દ્રભાઈ મહેતા સેલ્સમેન તરીકે નોકરી કરતા હતા જેથી તેઓ જે.સી. ટેલીકોમ્યુનિકેશનમાંથી મોબાઈલ દુકાનદારોને વેચવા માટે લઈ જતા હતા પરંતુ તેમણે હિંમતનગરના પાણપુર પાટીયા ખાતે રહેતા શાહરૂખ નજીરભાઈ મેમણને સાથે રાખી આ બંને જણાએ ગત તા. ૨૮-૧૨-૨૦૧૯ થી તા. ૨૦-૧-૨૦૨૦ દરમ્યાન અંદાજે રૂ. ૫,૨૩,૬૯૦ની કિંમતના ૭૩ મોબાઈલ વિવિધ દુકાનદારોના નામે બીલ બનાવી દીધા હતા.

પરંતુ ત્રિશુલ અને શાહરૂખે જે દુકાનદારોના નામે બીલ બનાવ્યા હતા તેમને મોબાઈલ આપ્યા ન હતા તથા જે.સી. ટેલીકોમ્યુનીકેશનના ડિલરને પણ મોબાઈલના નાણાં ન ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. જેથી જયેશભાઈ ચુનીલાલ મોદીએ બંને જણા વિરૂદ્ધ શુક્રવારે હિંમતનગર બી. ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# દિયોદરના બે હોમગાર્ડ જવાનોને ૨.૩૨ લાખની મરણોત્તરની સહાય ચુકવાઈ

દિયોદર યુનિટમાં ફરજ બજાવતા બે હોમગાર્ડ જવાનના પરીવારને જિલ્લા કમાંન્ડન્ટના હસ્તે કુલ રૂ.૨.૩૨ લાખની મરણોત્તરની સહાય ચુકવવામાં આવી હતી. ગુજરાતમાં પોલીસ સાથે ખભેખભો મિલાવી રાત-દિવસ હોમગાર્ડ જવાનો ફરજ બજાવે છે.જેમનું ફરજ દરમીયાન મૃત્યુ થાય તો સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા ધારાધોરણ મુજબ મરણોત્તરની સહાય ચુકવવામાં આવે છે.જેથી જિલ્લા કમાંન્ડન્ટ રમેશભાઈ પંડ્યા દ્વારા દિયોદર હોમગાર્ડ યુનિટમાં ફરજ બજાવતા સ્વ.બાબુભાઈ હેમાભાઈ દરજીનું મૃત્યુ થતા તેમના વારસોને રૂ.૧,૫૫,૦૦૦ તેમજ સ્વ.વજેરામભાઈ પી.ઉપાધ્યાયનું મૃત્યુથતા તેમના વારસોને ૭૭,૫૦૦ આમ બે હોમગાર્ડના પરીવારને ટેકારૂપ બનવા માટે કુલ મળી મરણોત્તાર સહાય પેટે રૂ.૨,૩૨,૫૦૦ ચુકવવામાં આવી હતી.જેમાં જિલ્લા કમાંન્ડન્ટ રમેશભાઈ પડ્યા,હેડ કલાર્ક જયંતીભાઈ પરમાર તેમજ દિયોદર હોમગાર્ડ કચેરીના અધિકારી તેમજ મોટી સંખ્યામાં હોમગાર્ડ જવાનો હાજર રહ્યા હતા.